

# અનાવિલ રિવાજ
# દર્પણ



# પ્રસ્તાવના

લગ્ન એટલે બે પરિવાર, બે કુંટુબ, બે ગોત્ર, બે વ્યકિતનું મિલન.

જે વ્યકિતના લગ્ન હોય, દીકરો કે દીકરી તેને પોતાને આનંદ અને ઉમંગ હોય પરંતુ મા - બાપ બધાને હરખ માતો ન હોય. હવે એક વર્ષ અગાઉથી લગ્નની તૈયારી કરતા હોય છે.

લગ્ન કરવા એ એક સામાજીક કાર્ય છે. સમાજને આગળ ચલાવવોએ દરેક વ્યકિતની જવાબદારી છે.

બે વિજાતીય વ્યકિતનું મિલન, સંતતિને જન્મ આપી ભવિષ્યનું નિર્માણ થાય, સમાજ વધતો રહે. બાળકની જવાબદારી લઈ સારા સંસ્કાર આપવા સારુ શિક્ષણ આપવું, સારી રીતે જીવનમાં સેટ કરી આપવાની માતા - પિતાની જવાબદારી છે એ જવાબદારીના ભાગરૂપે લગ્ન પણ આવે છે એટલે લગ્ન કરાવવા એ સામાજિક નું કાર્ય છે કે મનુષ્ય લગ્ન કરી સમાજનું નિર્માણ કરે છે.

લગ્ન કરાવવા એટલે યોગ્ય પાત્ર પોતના દીકરા - દીકરી માટે શોધવું.

આ યોગ્ય પાત્ર પોતાની દીકરી કે દીકરાને યોગ્ય અનુકૂળ આવે તો મા-બાપ આગળ વાત ચલાવે છે. દીકરા - દીકરીને એકબીજા જોડે વાત કરી રૂબરૂ મુલાકાત ગોઠવી વડીલો વચ્ચે વાતચીત થયા પછી માતા - પિતાને યોગ્ય લાગે પછી નકકી કરે છે.

હું આ યોગ્ય પાત્ર મળી રહે તે માટે '' લગ્ન મેળાપક ગૃપ '' ચલાવું છું. આ બુક જેમની પાસે હોય તે મારો નંબર : ૯૯૭૪૪૩૪૯૫૦ છે. જરૂર હોય તો ફોન કરજો. હું (બીના કમલેશ દેસાઇ) સમાજના દરેક દીકરા - દીકરીને યોગ્ય પાત્ર મળે એ હેતુથી ચલાવું છું. સમાજનું કામ કરવામાં મને ખુબ જ આનંદ થાય છે. આપણાં સમાજને આગળ વધારવા, ટકાવી રાખવા, જરૂરિયાતને મદદ કરવાનો મારો ધ્યેય છે.

હું વલસાડમાં '' અનાવિલ સહિયર ગૃપ '' ચલાવું છું. તેમાં એડમીન તરીકે હું જ મેસેજ કરી શકું એ રીતે ચલાવું છું ફકત સમાજની (વલસાડની) જે બહેનો માટે ઉપયોગી થવા નું મારો ધ્યેય છે. વલસાડની ઘણી બહેનોની આવડત, ધંધા વગેરેનો સહકાર આપવાનો મારું ધ્યેય છે. ફકત કામની જ વાત ગૃપમા આવે છે. આ ગૃપ વલસાડ અનાવિલ બહેનો પુરતુ સિમીત છે. કારણ કે ધંધા માટે વલસાડ પૂરતું મર્યાદિત રાખેલ છે. હું લગ્ન પ્રસંગોમાં જાઉ છું

ત્યારે ઘણાં બધાં લગ્નના રીત રીવાજો વિશે પૂછતા હોય છે ઘણી બહેનો કહે છે કે તમે આપણા રીત રિવાજની બુક લખો. ઘણાની ઈચ્છા અને માંગણીથી મારે અંતે લખવાનો વિચાર આવ્યો. જે ખાસ અનાવિલો બહાર ગામ અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા, આફ્રિકા અને ગુજરાતની બહાર રહેતા વડીલો વગર રહેતા ફેમિલીને રીત - રિવાજની ખબર હોતી નથી તેઓની ઈચ્છા - લાગણીને માન આપી આ પુસ્તિકા લખી છે.

આશા રાખુ છું કે આ પુસ્તિકાનો પ્રેમથી સ્વીકાર કરશો. નાનપણથી અનાવિલ હોવાનો ગર્વ એટલે અનાવિલ રીત - રીવાજ કે બધી બાબતોની જાણકારી રાખવાનો શોખ, ઘણી વખત બીજી જવાબદારીઓ વચ્ચે શોખને પણ લગામ આપવી પડે પરંતુ વડીલોની સલાહ અને મારા જેવી બહેનોને સાથે લઈને આ પુસ્તિકા લખી છે. મારી મિત્ર તે પણ અનાવિલ રીત - રીવાજની જાણકાર એટલે હું એકલી, મારા પોતાનો આત્માવિશ્વાસને સપોર્ટ જોઈએ એટલે મારી એક મિત્રનો સહકાર લીધો તેનું નામ છે કલ્પના દેસાઈ (ધમડાચી) એટલે અમે બંને એ પૂરા રીત - રીવાજની ઊંડાણમાં જઈને આ પુસ્તિકા બહાર પાડી છે.

આ મારી સહેલી કલ્પના માપદેવ માટલા, વાકિયા, હરખવાનો સામાન, ગોરમટી, અળાયા, ઊભારો, લાલ શાલ, વર બેડું, ગોરમટી માટેની ટોપલી, કોદાડી,વાલો, ગોત્રેજ ઘડો, નામણ દિવો, અખંડ દીવો, ઈંડી-પીડી વગેરે લગ્નમાં રીત - રીવાજમાં જરૂરી વસ્તુઓ ફ્રી માં મળશે. બધી વસ્તુઓ એક જગ્યાએ મળી રહે એ હેતુથી આ સેવા કરે છે. કામ પૂરું થયા બાદ પાછી બધી વસ્તુઓ પરત કરવી. બધી વસ્તુઓ શણગાર કરેલી મળશે.

સંપર્ક : કલ્પના રાજેશભાઈ દેસાઈ, મો. : ૯૬૦૧૩ ૧૫૦૫૬, ધમડાચી - દેસાઈ ફળિયું, વલસાડ.

આ પુસ્તિકા દ્વારા અનાવિલ બહેનોને આપણા રીત-રિવાજ વિશે માહિતી આપવાનો અમારો પ્રયાસ છે.

પણ અમારી વિનંતી કે આ રિવાજ અમારી જાણના છે પરંતુ દરેક ગામ, કુટુંબ, ગૌત્ર મુજબ રિવાજોમાં થોડાથોડા ફેરફાર હોય છે તો તે સ્વીકારશો. અમારી પુસ્તિકા દ્વારા અમને ખાત્રી છે કે તમને મદદરૂપ થશે જ...

આભાર સહ...

બીના કમલેશ દેસાઈ ઓલગામ - વલસાડ

કલ્પના રાજેશભાઈ દેસાઈ ધમડાચી - વલસાડ

# કાચા ચાંલ્લા

દીકરા - દીકરીના લગ્ન માટે જોવાનું રાખવામાં આવે ત્યારે જો બંને પક્ષે જો બધી રીતે હા હોય તો બંને પક્ષે પ્રથમ શુકનની વિધિમાં ચાંદી આપવામાં આવે છે એટલે ભગવાનના સિકકા સાથે લઇ જવા, જો બંને પક્ષે હા થાય તો પ્રથમ ચાંદી જ આપવામાં આવે છે. આ સાથે મીઠાઇ લઇ ગયા હોય તો તે આપવામાં આવે છે. ઘરના બધા સભ્યો કવર કે ચાંદીની વસ્તુ શુકનમાં આપે છે.

ત્યાર પછી પાકા ચાંલ્લાની વિધિ કરે છે. ઘણાં કુટુંબોમાં પાકા ચાંલ્લા ન રાખતા સીધા લગ્ન પણ રાખવામાં આવે છે.

# પાકા ચાંલ્લા

**છોકરીવાળાએ લઇ જવાની વસ્તુઓ :**

(૧) સાકર કે પતાસાનો પડો △ આકારનો આવે છે.
(૨) છાબમાં (થાળી)માં હાર, કલગી
(૩) ડબ્બામાં લાડવા, થાળી કે ડિશમાં શણગારીને લઇ જાય છે. આ દરેકની ઈચ્છા અનુસાર
(૪) ડીચીવાળા પાન - ૧૧ નંગ, કંકુ, સોપારી - ૧૧ નંગ
(૫) કાચા કેળાનો કાતરો - એકી સંખ્યાવાળો ૧૧ કે ૧૩
(૬) કાચા કેળા ન મળે તો પાકા કેળા પણ ચાલે
(૭) બ્રાહ્મણ માટે કવર
(૮) કુંવારીકાનું કવર
(૯) ગીત ગાવાનું કવર
(૧૦) જમાઇરાજ માટે રીત (પેશ ભરવાની)નું કવર વીંટી પણ લઇ જાય છે. ઈચ્છા અનુસાર
(૧૧) તરોપો (મીડિયમ સાઇઝ)

**છોકરાવાળાએ પણ ચાલ્લામાં આપવાની વસ્તુઓ :**

(૧) ચાંદીના સાંકડા, ઝુડો પોતાની ઈચ્છા અનુસાર
(૨) સાડી (ચણીયા ચોળી, ગાઉન, ડ્રેસ)
(૩) છોકરાવાળા છોકરીવાળા પક્ષને નાસ્તો કે જમાડતા હોય છે.

આમ પાકા ચાંલ્લાની તૈયારી કરી છોકરાવાળાને ત્યાં છોકરીવાળા નકકી કરેલી સંખ્યામાં જાય છે. વિધિ પૂર્ણ કરે છે.

બ્રાહ્મણ છોકરાવાળા પક્ષથી આવે છે. ગણપતિ પૂજા કરાવી ચાંલ્લાની રીત કરાવે છે. કુંવારીકા બાજુમાં બેસે છે. હાથમાં તરોપો પકડી દીકરીના પિતા થનાર જમાઈરાજને પગમાં ઉતરતું પાણીથી પગ ધોઈ હાથમાં ચડતું પાણી અને કપાળે તિલક કરી હાથમાં તરોપો મૂકી - પાન મૂકી કવર ગીફ્ટ આપે છે. તેને પેશની રીત કહે છે.

પહેલાના જમાના કે હજુ પણ છોકરી પક્ષના બધા પુરુષો આ રીત કરતા હોય છે પરંતુ હવે દીકરા - દીકરીને ખુરશી - સોફા પર બેસાડી બધાંજ વડીલો ઉપર જઈ ગીફ્ટ આપી આશીર્વાદ આપી ફોટોશેસન કરાવતા હોય છે.

આ પછી જમણવાર કે નાસ્તા થતા હોય છે. પછી બંને પક્ષે લગ્નની તારીખ અંગે ચર્ચા કરી તારીખ નકકી કરતા હોય છે.

નોંધ : લગ્નની તારીખ નકકી થાય અને લગ્નની તૈયારી ખરીદી કરતાં પહેલા પહેલા સારો શુભ દિવસે લાલ નાળા - છડી, કંકુ, સોપારી, જીરૂ - મીઠુ (થોડું લાવવું) આમ પાંચ વસ્તુની પ્રથમ ખરીદી કરવી શુકન મનાય છે. વસ્તુ લાવી ભગવાન પાસે મૂકવી લગ્નના કામમાં ઉપયોગમાં લેવી, પછી લગ્નની બધી તૈયારી કરવી.

## કંકોત્રી છપાવવી

સારો દિવસ જોઈને કંકોત્રી છપાવવામાં આવે છે. કંકોત્રી આવે એટલે એક કંકોત્રી કંકુના છાંટા કરી ઘરમાં ભગવાન પાસે મૂકવામાં આવે છે.

પ્રથમ કુળદેવીને આમંત્રણ આપવું.

પોતે જે ભગવાનમાં શ્રધ્ધા રાખતા હોય તે ભગવાનના મંદિરે જઈ કંકોત્રી અને સાકર, મીઠાઈ લઈ ભગવાનને આમંત્રણ આપવું.

મોસાળામાં આમંત્રણ આપવા જવું પછી કુટુંબ મિત્રવર્તુળમાં કંકોત્રી વહેંચવી.

# માટલીની વિધિ

લગ્નની તારીખની આગળના દિવસોમાં દીકરી પક્ષ તરફથી શુકનની વસ્તુઓ દીકરાવાળા પક્ષે મોકલતા હોય છે. વર્ષોથી ચાલતો આ રિવાજ છે.

૨૧, ૧૯, ૧૭, ૧૫, ૧૩, ૧૧, ૯, ૭, ૫, ૩ દિવસ અગાઉ એકી સંખ્યા હોય તે મુજબ અનુકૂળતાએ માટલી મોકલવાનો રિવાજ હોય છે.

**માટલી મોકલવા માટે મોકલાતી વસ્તુઓ :**

- મહારાજના હાથે લખેલી કંકોત્રી.
- શણગાર સજીને બનાવેલી સુંદર લખાણવાળી કંકોત્રી.
- લાડવાનો ડબ્બો - મુખ્ય ઘર, મામા, કાકા, નંણદ માટે પણ માટલી સ્વરૂપે લાડવાના ડબ્બા મોકલવામાં આવે છે. માટલીના લાડવામાં લાગણી અનુસાર લાડવા મોકલે છે. ૨૧ શેર, ૧૫ શેર, ૧૧ શેર, ૫ શેર મોકલવામાં આવે છે.
- ડબ્બામાં નીચે પૈસા સોપારી મૂકી લાડવો ભરવામાં આવે છે ઉપર શણગાર કરી મોકલવામાં આવે છે.

નોંધ : માટલીનો લાડવા આવે તેમાંથી પાછો થોડો લાડવો દીકરાની મા વહુ માટે લાડવો અને ચાંલ્લા કવર મોકલે છે. (હવે રિવાજ બંધ જેવો જ છે.)

# પહેરામણી રીત

આ રિવાજ જરૂરી ન લાગતા સમાજમાંથી બંધ થઇ ગયો છે.

# મંડપ મુહૂર્ત

લગ્નની ત્રીજી વરઘ એટલે બે દિવસ પહેલા ત્રીજા દિવસે મંડપ મુહૂર્ત કરે છે. પરંતુ હવે હોલમાં લગ્ન થતા હોવાથી શાંતક પહેલા બ્રાહ્મણ એક કૂંડામાં કરાવતા હોય છે.

રેતી ભરેલા કૂંડામાં મંડપ મુહૂર્તની રીત કરાવે છે.

## ગીત અને મહેંદીનો રિવાજ

દીકરા - દીકરીના લગ્નના ગીતો પોતાના ઘરે અને મોસાળમાં બંને જગ્યા, ક્યાં તો બંને સાથે ગીતો ગવડાવવાનો રિવાજ છે. હવે તો આ ગીતો ગાવા માટે પાર્ટી કે ગાવાવાળા આવતા હોય છે અને આનંદ માણતા હોય છે.

સાથે નૃત્ય ગાન પર ગરબા રાસ અને ફિલ્મોના ગીતો પર નૃત્ય કરીને આનંદ કરતા હોય છે. લ્હાણી પણ વહેંચવાનો રિવાજ છે પરંતુ હું માનું કે આ રિવાજને પણ તિલાંજલિ આપવી જોઈએ.

સાથે મહેંદીનો રિવાજ છે; બધી સ્ત્રીઓ મહેંદી મૂકી આનંદ લે છે.

## વર પક્ષે લગ્નના આગલા દિવસે ગ્રહશાંતક સાથે ગરબા રાસનો રિવાજ

વરપક્ષ તરફથી કન્યા પક્ષને શાંતકમાં બોલાવવાનો રિવાજ હોય છે. કન્યાપક્ષના ત્યાં હાજરી આપતા હોય છે હવે એ રીતે જ લગ્નના દિવસો ગણતરી કરીને બધી જગ્યાએ અનુકૂળતાથી હાજરી આપી શકાય એ રીતે જ બધા પ્રસંગો ગોઠવાતા હોય છે.

## પીઠી લગાવવાની રીત

લગ્ન ઘરના આંગણે હોય તો ત્રીજી વરઘથી પીઠી લગાવે છે અને હોલમાં લગ્ન હોય તો લગ્નના દિવસે કન્યાને પીઠી લગાવે છે.

વરપક્ષમાં વરને પીઠી હોલમાં માયદેવ સ્થાપવાના હોલમાં અથવા શાંતક કરે તે દિવસે પીઠી લગાડવામાં આવે છે અને ઘરે માયદેવ માંડવાના હોય તો તે પહેલા પીઠીની વિધિ કરવામાં આવે છે.

પીઠી દીકરા - દીકરીના "મા" પિયરથી પીઠીનો ડબ્બો (મોસાળથી) આવેલો હોય છે તે જ પીઠી લગાડવામાં ઉપયોગમાં લે છે.

પીઠીની વિધિ મહારાજ કરાવે છે મા સિવાય ચાર જણા પીઠી લગાવે છે. કાકી, ભાભી, મામી, ફૂઈઓ પીઠી લગાવે છે.

### પીઠી લગાવવાની રીત :

દીકરા કે દીકરીને મા પગમાં ઉતરતું પાણી, હાથમાં ચડતું પાણીથી વિધિ બાદ કંકુનો ચાંલ્લો કરી પગમાં ઉતરતું, હાથમાં ચઢતું કંકુથી વિધિ કરે છે ચાંલ્લો - ચોખા - કંકુનો કરવો. પહેલા હાથથી ચોકડી કરી પગ ઘૂંટણ, ખભા પર લગાવી હાથની ચોકડી છોડી ગાલ ઉપર સીધા હાથે લગાડવામાં આવે છે. ચોખા વધાવી, અંતરણ કટકો બીજા વિધિ કરવાના હોય તેને આપવો, આમ કુલ પાંચ જણે વિધિ કરવી.

## ઉકરડી નોતરવાની રીત

### આ રીતમાં ઉકરડી લઈ જવાની વસ્તુઓ :

પાણીનો લોટો, ચોખા (વધારે) લેવા, સેવ - વડી, ઈંડી, પીંડી, છૂટા પૈસા, સોપારી, દીવો, કંકુ, પાપડ, પુરી, નામણ દીવો, હરખવાનો સામાન અંતહરણ કટકો, વાંકિયા, લઈ જવા.

### સેવ – વડી બનાવવાની રીત :

ઘઉંનો લોટ, દૂધ, હળદર, ઓછામાં ઓછી સાત - આઠ વડી અને સેવ જોઈએ. એટલો એક વાડકી જેટલો લોટ લઈ હળદર નાંખી દૂધથી લોટ બાંધીને ગોળ - ગોળા બનાવવા, સાત - આઠ બનાવવા. નાના લખોટી જેવડા - વડી - લાંબી - ભગવાનની દિવેટ ઊભી દિવેટની જેમ વાળીને વડી બનાવવી થોડો સમય ખુલ્લી રાખી નાના ડબ્બામાં લગ્નના સ્થળે લઈ જવી.

### ઈંડી – પીંડી બનાવવાની રીત :

ગાયના છાણમાંથી નાના - આઠ - દશ લખોટી જેવા કે મુઠિયા જેટલા ગોળા વાળી તડકામાં લગ્નનાં બે - ત્રણ દિવસ પહેલા બનાવી સુકવી દેવા બોક્ષમાં લગ્નના સ્થળે લઈ જવા.

હવે તૈયાર અને ચાંદીના વરખવાળી ડેકોરેશનવાળી તૈયાર મળે છે એટલે ગાયનું છાણ ન મળે તો પણ વાંધો નહિ.

શાંતક પહેલા વહેલી સવારે ઉકરડી નોતરવા જાય છે એટલે મા

સિવાય બીજા ઓછામાં ઓછા ચાર જણાં જોઇએ વધારે હોય તો પણ ચાલે માટે જે વ્યકિત (બહેનો) ને વિધિમાં લેવાના હોય તેઓને ઉકરડી નોતરવાનો સમય આપી દેવો એટલે સમયે હાજર રહે.

વિધિ :

પ્રથમ જેના લગ્ન હોય તેની મા વિધિ કરે. પાણીનો લોટા વડે રેડીને ધરતી મા ઉપર સ્વસ્તિક દોરવો. (ઢોળાવ હોય તો પાણી ભેગુ થાય પણ વાંધો નહિ.) બ્લોક લગાવેલા હોય તો પણ ઉપર જાડો થઇ શકે. પછી ચોખાનો ભરેલો સ્વસ્તિક 卐 દોરવો. તેના ઉપર પૈસા સોપારી મૂકી કંકુનો ચાંલ્લો, ફૂલ ચઢાવવા પછી નાની પેપર ડીશ કે થેલીમાં પુરી - પાપડ લીધેલા હોય તે તેના પર મુકવા સાથે સેવ - વડી બે - બે મૂકવી. ઇંડી પિંડી પણ બાજુમાં મૂકવી, પછી સૂરજદાદાની પૂજા કરવી. કંકુ - ફૂલ - ચોખા સૂરજદાદાને વધાવવા, પગે લાગવું પછી હરખવાનો સામાન લેવો તેમાંથી તારક કાઢી લેવી, બાકીની વસ્તુઓને અંત્રહરણ કટકામાં ઢાંકીને સૂરજદાદાને ચાર વખત ગોળ ફેરવી ઊભું ગોળ ફેરવવું, પૂર્વથી ઉત્તર, પશ્ચિમ અને દક્ષિણ દિશા એમ ગોળ ફેરવવું.

પછી અંત્રહરણ કટકો બીજા જે બહેનો વિધિ કરવાના હોય તેમને આપવું તેઓ પણ આ જ રીતે વિધિ કરશે. આમ " મા " સિવાય ચાર કે તેથી વધુ બહેનો વિધિ કરી શકે છે.

જુવારના વાંકિયા પણ ચાર દિશામાં મમ્મીએ જ વધાવવા, પાછા વણી લેવા. (સાંજની વિધિ માટે જોઇશે, બીજી બહેનોએ વણી લેવા.)

# ગોરમટીની વિધિ

ગોરમટીની વિધિમાં લઇ જવાની વસ્તુઓ ;

પૂજાની થાળી, દીવો, પાણીનો લોટો, અંત્રહરણ કટકો, વાંકિયા, ટોપલી, કોદાળી - ટોપલી પર ઢાંકવાનો કટકો........

ગોરમટી લેવા જાય ત્યારે ઢોલ શરણાયવાળાને પણ લઇ જાય છે. ઉકરડી જેમ જ જે બહેનોએ વિધિ કરી તે બહેનો સમયે હાજર રહે એટલે અગાઉથી કહી રાખવું. જેના લગ્ન હોય તેની મમ્મી નામણ દીવો હાથમાં લઇ

લે છે. અંત્રકરણ કટકો કેડમાં ખોસી રાખવો. બીજી બહેનો બીજી બધી વસ્તુઓ લઇ લે છે. ટોપલી માથે મૂકવા સૌભાગ્યવતી કામવાળી હોય તેને સાથે લઇ લેવી. (જે શાંતકની કૂંડી બનાવવા ઉપયોગમાં લેવા માટે હવે તો લોખંડની કૂંડી તૈયાર મુકી હોય છે)· હોલમાં ન મળતાં થોડી માટી ઝભલાં થેલીમાં અગાઉથી મંગાવી તેનાથી રીત કરી શકાય.

ગોરમટીની રીત જેમ જ પ્રથમ પાણી અને પછી ચોખાથી ભરેલો સ્વસ્તિક કરવો, દીવો પ્રગટાવવો પછી પાપડ, પૂરી, સેવ, વડી, ઇંડીપીંડી મૂકી પછી મમ્મીએ કોદાળીની પૂજા પ્રથમ કરવી પછી કોદાળીથી ચાર વખત જમીનમાં ઘા કરી ચાર ટુકડા ટોપલીમાં મૂકવા. આ રીત મમ્મી સિવાય ચાર જણાએ આ મુજબ કરવી. જેમણે વિધિ કરી હોય તે ચાર બહેનોએ ટોપલીને હાથ લગાવી કામવાળીને માથે ચઢાવી પછી બધી બહેનો ગીત ગાતા મંડપમાં આવે છે. પાટલો મૂકી કામવાળીને ઉપર ઊભી રાખી તેના પગ ઉપર ઉતરતું પાણીથી પગ ધોવા, કંકુના ચાંલ્લા પગ પર ઉતરતા, હાથમાં ચઢતા અને કપાળે તિલક કરી ચોખા લગાવવા. હાથમાં ડીચાવાળું પાન મૂકી, નાળિયેર - ચોખા અને પૈસા, સોપારી અને રૂપિયા નું કવર (૫૧, ૨૧, ૧૦૧ રૂપિયા) મુકે છે. પછી જે બહેનોએ વિધિ કરી હોય તે ચાર બહેનો તેના માથા ઉપરથી ટોપલી ઉતારી શાંતક કરીએ ત્યાં મૂકવી, મહારાજને સોંપવી.

નોંધ : નામણ દીવામાંથી કપાસિયા ગોરમટી લીધા પછી સાઇડ ઉપર કાઢી નાંખવા.

# માયદેવ માંડવાની રીત

જરૂરી વસ્તુઓ : માયદેવ માટલા – બે મિડિયમ તેના ઉપર બે નાના માટલા લાવવા. તૈયાર પણ મળે છે.

ગોત્રજ ઘડો : (મિડિયમ સાઇઝ) નો લેવો. પૂરી, પાપડ, સેવ – વડી, લાડવો, સાડી, પૈસાનું કવર, આંબાના પાન; નાળિયેર, ઊભારો, ફૂલના હાર, સોપારી, ધૂપ પૈસા.

આ વિધિ માતા – પિતા કરે છે. જે ગ્રહશાંતક કરવાના હોય તે કરે છે.

બ્રાહ્મણ જ માયદેવ માટલા સ્થાપે છે. ગોત્રજ ઘડો કુટુંબની કોઇપણ સૌભાગ્યવતી સ્ત્રી પાણી ભરી લાવે છે અને પૂજા શરૂ કરે છે.

# : ગ્રહશાંતક સામગ્રી :

વર - કન્યાના માતા - પિતા ગ્રહશાંતક કરવા બેસે, ગ્રહશાંતકની તૈયારી બ્રાહ્મણ કરે છે.

**સામગ્રી :**

નાળીયેર - ૧૧
કંકુ - ૧૦૦ ગ્રામ
અષ્ટગંધચંદન - ૧૨૫ ગ્રામ
અબીલ - ૧૨૫ ગ્રામ
ગુલાલ - ૧૨૫ ગ્રામ
સિંદૂર - ૧૨૫ ગ્રામ
હળદર - ૧૫૦ ગ્રામ
મોટી સોપારી - ૫૦૦ ગ્રામ
લાલ નાળા છડી - ૨
સાકર - ૧૦૦ ગ્રામ
તલ - ૩૫૦ ગ્રામ
તુવેરની દાળ - ૨૫૦ ગ્રામ
મીંઢળ - ૨
જવ - ૨૫૦ ગ્રામ
કમળકાકડી - ૫૦ ગ્રામ
ખાંડ - ૨૫૦ ગ્રામ
ગુગળ - ૫૦૦ ગ્રામ
સરસીયા - ૫૦ ગ્રામ
પૌંવા - ૩૫૦ ગ્રામ
વાળો - ૫૦ ગ્રામ
સુખડના છોડા - ૫૦૦ ગ્રામ
સમીધની પણી - ૪ નંગ
ઘી - ૧ કિલો

બાજઠ - ૨ નંગ
શેરડી - ૨ નંગ (ટૂકડા)
આંબાના પાનનું તોરણ
દુધ - દહીં - ઘી - મધ - ખાંડ
છૂટા ફૂલ
થાળી - ૩ નંગ
લોટા - ૨ નંગ
કોડીયા - ૪ નંગ
કોપરાની વાટી નંગ - ૩
એલચી - લવંગ રૂા. ૧૫
કપુરગોટી નંગ - ૨
ધૂપસળી બંડલ - ૧
દરાખ - ૧૦૦ ગ્રામ
ગોળ - ૨૦૦ ગ્રામ
આલુ - ૧૦૦ ગ્રામ
બદામ - ૧૦૦ ગ્રામ
ખારેક - ૧૦૦ ગ્રામ
સૂતરનો દડો - ૧
ચોખા - ૨ કિલો
ઘંઉ - ૧ કિલો
દીવાસળી - ૨
રૂ

લાલ કટકો - ૧ મીટર
સફેદ કટકો - ૧ મીટર
દરોઈ - તુલસી
બીલીપત્ર
કેળા - ૬ નંગ
જમરૂખ - ૨ નંગ
સફરજન - ૨ નંગ
દાડમ - ૨ નંગ
મોસંબી - ૨ નંગ
પાટલા - ૨ નંગ
બીજોરુ - ૧ નંગ
ડીચાવાળા પાન ૨૦ નંગ
ફૂલના હાર - ૭ નંગ
રકાબી - ૩ નંગ
વાટકી - ૩ નંગ
ચમચી - ૩ નંગ
છાણા - ૨૦ નંગ
ઈંટ - ૨૦ નંગ

# ગ્રહશાંતક

ગ્રહશાંતકની પૂજા માટે બ્રાહ્મણ લીસ્ટ આપે તે બધી વસ્તુઓ લાવવી. બ્રાહ્મણ પોતે પણ લઈ આવે છે.

ગ્રહશાંતકની વિધિ થોડી કર્યા પછી કન્યાને તેના મામી થરકાંકણ પહેરાવે છે.

કન્યાને કપાળે ચાંલ્લા ચોખા લગાવે છે. જમણા હાથે વેલણ પકડાવીને પહેલા કાચની લાલ (લીલી) બંગડી પહેરાવે છે. પછી થર-કાંકણ પહેરાવે છે. આમ બંને હાથમાં પહેરાવે છે. મામી કવરમાં કન્યાને પૈસા આપે છે.

**વાનો લેવાની રીત :**

કન્યા ફુઈને ચાંલ્લો કરે છે પછી ફુઈ કન્યાને ચાંલ્લો ચોખા લગાવે છે ફુઈ વાનો કન્યાનાં ખોળામાં આપે છે. ચઢતું કંકુના હાથમાં ચાંલ્લા કરી નાળિયેર હાથમાં આપે છે. હાર પહેરાવી, વાલો ઓઢાડીને ગ્રહશાંતક મંડપમાં કન્યાને તેની માતા, મામી, ફુઈ, કુટુંબીઓ સાથે આવે છે, પૂજા કરે છે. ગ્રહશાંતકની પૂર્ણાહુતિમાં કુટુંબીજનોને ભેગા કરી નાળિયેર હોમવામાં આવે છે.

# મોસાળાનું આગમન

મોસાળું આવે છે. વાજતે ગાજતે લેવા જાય છે. સ્વાગત કરે છે.

ગ્રહશાંતક પૂરી થાય એટલે પૂજામાં બેઠેલા માતા પિતાને શાંતકમાંથી ઉઠાડવાની વિધિ કરવામાં આવે છે. મોસાળામાં દીકરી જમાઈને પોતાની લાગણી શકિત અનુસાર કવર - કપડાં કે ગીફ્ટ આપે છે.

ગ્રહશાંતક પૂરી થયા પછી દિયર - ભાભી પાસે હથેવારોની રીત કરાવે છે. પાટલા પર ઉભારો, નાળિયેર મૂકી, સુતરના તાર બંને ગળામાં પહેરાવવામાં આવે છે. નાળિયેર દિયર - ભાભી વચ્ચે ખેંચતાંણ કરી રમૂજી ટુચકો કરે છે.

# મોસાળા પુજન

ગ્રહશાંતક પછી મોસાડામાં આવનાર સ્ત્રીઓને હવે તો ભાઈઓને પણ પૂજન કરે છે. મામીના પગે ઉતરતું પાણી હાથમાં ચડતું કંકુ ચાંલ્લા કરે છે. હાથમાં ડીચાવાળા પાન મૂકવામાં આવે છે. પછી તરોપા કે નાળિયેર હાથમાં મૂકે છે. પૈસા સોપારી પણ મૂકે છે. ખુબજ માનપાન થી લાગણી અનુસાર ગીફ્ટ આપી સ્વાગત કરી છેલ્લા ચોખા વધાવી જમાડવા લઈ જાય છે.

# કલવો ખવડાવવાની રીત

કન્યા પક્ષવાળા વર પક્ષને ઉતારો આપેલ હોય ત્યાં અથવા મંડપ પાસે વરઘોડો આવે ત્યારે શુકનનું દહીં - જીરૂ ખવડાવી શુકન કરાવે છે.

(અસલ એવો રિવાજ હતો કે ચાંદીના વાસણમાં દહીં આગલે દિવસે મોરવવામાં આવતું) સાથે પૈસાનું કવર - જમાઈ અને કુંવારીકાને આપે છે.

# જાન નોતરવાની રીત

આ અને કલવાની રીત બંને સાથે પણ કરે છે. કન્યાપક્ષની બધી સ્ત્રીઓ જાય છે. વરપક્ષમાં જમાઈ રાજને હાર, કલગી આપી વહેલા જાન (વરઘોડો) લઈ આવો એવું કહેવામાં આવે છે.

બ્રાહ્મણ અને કુંવારીકાને કવર આપવામાં આવે છે.

# ઘરેણું ચઢાવવાની રીત

વરપક્ષ વારા વરઘોડો નીકળે તે પહેલા વરની મા, કાકી, ફુઈ, મામી, માસી વગેરે સોનાનો સેટ લઈ કન્યાના મંડપમાં આવીને ચાંલ્લા કરી કન્યાને આપે છે.

નોંધ : જે સેટ દીકરીના માતા - પિતાએ માટલી પર મોકલેલો હોય તે જ સેટ લઈ આવે છે. હવે હાલમાં આ રિવાજ લગભગ નીકળી ગયેલો છે.

## છાંટણીયાની વિધિ

જાન જયારે માંડવે આવે ત્યારે દીકરીના મામી વરબેડું લઇ મંડપમાં પ્રવેશ દ્વાર પાસે ઊભી રહે છે. દીકરી (કન્યા)ના ભાઇ વરબેડામાંથી નાળિયેર ઉચકી લઇ આંબાના પાનથી વરઘોડા વાળાને પાણીનો છંટકાવ કરે છે. પછી વરપક્ષવાળા મામીને - ભાઇને કવર આપે છે.

## અરઘવાની રીત / હરખવાની રીત પણ કહે છે

મંડપના તોરણે આવેલા વરરાજાને કન્યાની મા પોખવા માટે જાય છે. આ વિધિને અરઘવાની રીત કહે છે. મંડપના પ્રવેશદ્વાર ઉપર બે પાટલી મૂકી વરરાજા અને તેમના સાઢુભાઇને ઊભા રાખવામાં આવે છે. કુટુંબના ફુવાજી હોય તો પણ વાંધો નહિ. વરરાજા અને સાઢુભાઇને પગથી માથા સુધી સુતરથી બાંધીને રીત કરે છે. મહારાજ કરાવે છે પરંતુ ચાંલ્લો કરી, ઉતરતું પાણી પગ પર અને ચડતું કુંકુ થી પગ અને હાથ ધોયા પછી ડીચાવાળુ પાન મૂકી નાળિયેર, પૈસા, સોપારી અને કવર મૂકવામાં આવે છે અને સાઢુભાઇને પણ રીત કરીને લાડવાનો ડબ્બો આપવામાં આવે છે. પોતાની લાગણી પ્રમાણે ગીફ્ટ આપે છે. પછી અત્રાહરણે કટકામાં હરખવાનો સામાન મૂકી જુવારના વાંકીપા ચાર દિશામાં ઓવારીને નાંખવા.

નોંધ : હરખવાના સામાનમાંથી તરાક કાઢી લેવી.

આ વિધિ પૂરી થયા પછી સાસુજી વરરાજાને અરીસામાં મોં બતાવી નાક ખેંચવાનો રિવાજ છે. પછી સાસુજી વરરાજાને પકડીને મંડપ (માયરા)માં લઇ જાય છે.

## હસ્તમેળાપ

માયરામાં પ્રથમ વરરાજાને બેસાડવામાં આવે છે. અંતરપટની શાલ વરપક્ષવાળા લાવે છે. કન્યા તૈયાર થઇને માયદેવ પાસે બેસાડવામાં આવે છે કન્યાના પધરામણીનું મહારાજ કહે છે. ત્યારે મામા કન્યાને કવર આપે છે અને માયરામાં લાવે છે. સાથે કન્યાની બહેન રત્નદિપક લઇ સાથે માયરામાં આવે છે. બાજુમાં દિપક લઇ બેસે છે.

નોંધ : રત્નદિપક બનાવવાની રીત : ઘઉંનો લોટ અને પાણીથી લોટ બાંધી દિવાનો વાડકી જેવો આકાર આપી કાસાની થાળીમાં બનાવે છે. તેમાં ચોકડી પડે તેટલી લાંબી બે દિવેટ સુતર કે રૂની બનાવી મુકવી.

કન્યાની મા કાળી ગાંઠી લઇને ગળામાં થાળી વાંજીત્રો ( લગ્ન થાય એટલે ) પહેરાવે છે કે બાંધે છે.

# સાત પેઢીના સંબંધો

લગ્ન થાય એટલે માયરા પાસે વર - કન્યાના પિતા પાસે મહરાજ ગણપતિ પૂજા કરાવી સાત સોપારીની પૂજા કરાવે છે.

કન્યા પક્ષવાળા વર પક્ષના બ્રાહ્મણને કવર દક્ષિણામાં આપે છે. પછી વર પક્ષવાળા કન્યાપક્ષના બ્રાહ્મણને દક્ષિણામાં કવર આપે છે.

## કન્યાદાન

આ વિધિ કન્યાના મા - પિતા કન્યાનો હાથ વરરાજાના હાથમાં મૂકે છે. આજથી મારી દીકરી તમને સોપી, જતન કરજો, સાચવજો કહે છે. મા - પિતા જનતનું કન્યાદન કરે છે. સગા - સંબંધીઓ પણ પોતાની લાગણી અનુસાર કન્યાને કન્યાદાન કરે છે.

# મંગળફેરાની વિધિ

મંગળફેરા ફરતી વખતે યજ્ઞને પ્રજવલિત કરી વર કન્યાને મંગળ ફેરા ફેરવે છે. કન્યાનો ભાઈ દરેક ફેરા વખતે બેનનાં હાથમાં પાન અને ઉભારો મૂકે છે. પહેલા ત્રણ ફેરામાં કન્યા આગળ હોય છે. છેલ્લા ફેરામાં વરરાજા આગળ હોય છે.

# સપ્તપદી

આ વિધિમાં બ્રાહ્મણ સાત પ્રતિજ્ઞાની વિગતવાર સમજ આપે છે. ચોખાની સાત ઢગલી કરવામાં આવે છે. વારાફરતી પ્રતિજ્ઞા કરે તેમ તેમ એક એક ઢગલીને અંગૂઠાનો સ્પર્શ કરવામાં આવે છે.

# અંગૂઠા ચાપણી

માયરામાં સપ્તપદીની રીત પૂરી થાય એટલે કન્યાનો ભાઈ વરરાજાનો અંગુઠો દાબે છે. આ વિધિમાં વરપક્ષે કન્યાના ભાઈને કવર આપે છે.

# સેવ ખાવાની રીત

વર - કન્યાને માયદેવ પાસે પગે લગાડવામાં આવે છે બેસાડીને એમને કંસાર (સેવ, લાડવો) ખવડાવવામાં આવે છે. કન્યાના માતા - પિતા પોતાની લાગણી અનુસાર જમાઈને ગીફ્ટ આપે છે. ત્યાર બાદ વર-કન્યાને ખૂબ જ પ્રેમથી ઠાઠથી જમાડવામાં આવે છે આગ્રહ કરીને જમાડવામાં આવે છે.

# વિદાયની રીત

વર પક્ષને કન્યા પક્ષવાળા કન્યાને આપવાની દરેક વસ્તુઓ માંડવામાં મૂકે છે. સેવ - પાપડના ડબ્બા, તાંબાનો ઘડો, વેલણ (લાલ) પાછલુ ખાવુનો ડબ્બો, સેવ, ચેવડો, દરનો લાડવો, ચણાનો લાડવા, તલ્લીયાનો લાડવો આપવામાં આવે છે.

કન્યાની કપડાની બેગ, ગીફ્ટ વગેરે મૂકવામાં આવે છે.

વર - કન્યા પાસે કુંકુની થાળીમાં હાથ પલાળીને બારસાખની બંને બાજુ હાથના છાપા લગાડવામાં આવે છે. (મારવામાં આવે છે)

છેડાવાટીનો ડબ્બો નાનો લે છે તેમાં કોપરાની વાટી અને દળેલી ખાંડ (સાકર) ભરીને દીકરીને આંપવાનો રિવાજ છે.

# ચાવલ સૂપડાની રીત

મંડપના પ્રવેશદ્વાર ઉપર વર - કન્યા આવે ત્યારે બ્રાહ્મણ કન્યાને સૂપડામાંથી ઉભારો આપે છે તે ઉભારો કન્યાએ પાછળ જોયા વગર મંડપ પર વધાવે છે.

પછી કન્યાના પિતા કાંસાની થાળીમાં કંકુ ભરી વેવાઈને આપે છે અને કહે છે કે મારી દીકરી તમને સોપું છું ધ્યાન રાખજો.

કન્યાની માતા નામણદીવો વેવણને આપે છે. મારી દીકરી તમને સોંપી છે. ભૂલ થાય તો માફ કરજો એનું જતન કરજો.

આમ દીકરીની વિદાય થાય છે કન્યા પોતાના ભાઈને, ભાઈ હું સાસરે જાઉં એમ કહે છે. ભાઈ મંજુરી આપે છે. માતા - પિતા - કુટુંબીઓ, ભાઈ કન્યાને તોરણ સુધી મૂકવા જાય છે.

**કન્યા પક્ષમાં :** કન્યાવિદાય પછી ફુઈ બા માયદેવ માટલા ખસેડવાની રીત કરે છે. ચાર વખત માયદેવ માટલા જગ્યા બદલે છે પછી તેમાંથી માયદેવ માટલા માંથી લાડવા - કવર - સાડી બધુ ફુઈબાને આપી દેતા હોય છે.

**વર પક્ષમાં :** માયદેવ માટલા ખસેડવા પહેલા વર - કન્યા પગે લાગે છે કોડી થી એક - બેકી રમાડે છે. છેડા છોડવાની રીત થર - કાકણ ઉતારે છે.

આ વિધિ પૂરી થયા બાદ ફુઈ બા પાસે માયદેવ માટલા ખસેડવાની રીત કરાવે છે. બધીજ વસ્તુઓ ફુઈબાને આપી દેતા હોય છે.

# દરિયાની વિધિ

લગ્ન પછી પહેલી વાર દીકરી જમાઈ પિતાના ઘરે આવે છે. ખૂબ જ આગતા સ્વાગતા કરવામાં આવે છે. વિદાય વખતે ગીફ્ટ આપીને વિદાય કરે છે.

નોંધ : જે વરસે લગ્ન, જનોઈ જેવા શુભ પ્રસંગ ઘરમાં થયા હોય તે વરસે શ્રાધ્ધ પક્ષમાં શ્રાધ્ધ પતું નથી.

# જનોઈ વિધિ

જનોઈ એટલે "યજ્ઞોપવિત સંસ્કાર" આપણા સોળ સંસ્કારો આવે છે તેમાંનુ આ એક સંસ્કાર આપવાની વિધિ છે.

ઘરમાં પુત્ર જન્મે તે વરસથી જ દાદા, દાદી, મા – બાપને જનોઈનો ઉમંગ હોય છે. પુત્ર આઠ વરસનો થાય એટલે જનોઈની ચર્ચા ચાલે છે.

જનોઈ આમ એકી વરસ હોય તે મુજબ દેવાય છે પરંતુ આઠમાં અને બારમાં વરસે પણ જનોઈ દેવાય છે. કહેવાય છે કે કૃષ્ણ ભગવાનને આઠમાં વરસે અને રામ ભગવાનને બારમાં વરસે જનોઈ આપવામાં આવેલ હતા તે અનુસાર માનવામાં આવે છે.

પ્રથમ જનોઈનું મુહૂર્ત કઢાવવું. કંકોત્રી છપાવવી, કુળદેવી, ઘરના મંદિરમાં આમ પાંચ કંકોત્રી ભગવાન માટે રાખવી, પછી મોસાળમાં, કુટુંબમાં, મિત્રવર્તુળમાં કંકોત્રી આપવાનો રિવાજ છે.

ત્રીજી વરઘથી મંડપમુહુર્ત – ગીતો ગવડાવવાનો રિવાજ છે.

જનોઈના દિવસે ઉકરડી નોતરવી, ગોરમટી લાવવી, માયદેવ માટલો વગેરે, શાંતક કરવી તે વિધિઓ કરવી. અગાઉ લગ્નની વિધિમાં આપેલ છે વાનો ફુઈ બા પાસે લેવડાવવો. ગ્રહશાંતક પૂરી થયા બાદ ફુઈ બા મુંજીયાનું મુંડન કરાવવાનો રિવાજ છે. ખોળામાં બેસાડી વાળ ( મુંડન ) કરાવે છે. ફુઈ બાને કવર આપવામાં આવે છે. હજામને પણ કવર આપવામાં આવે છે.

મુંડન થયા પછી બ્રહ્મચારી કપડા બ્રાહ્મણ પહેરાવે છે. મંજીયો વડીલો પાસે ભિક્ષા માંગે છે. કાંસાની થાળીમાં ભિક્ષા આપે છે. બ્રાહ્મણ શાલ ઓઢાડીને મુંજીયાને ગાયત્રી મંત્ર આપે છે. (શીખવાડે છે) પછી મુંજીયાને સ્નાન કરાવીને મામા – મામી મુંજીયાને તૈયાર કરે છે. કપડા, બૂટ, હાર, કલગી, લોટી, લાકડી વગેરે આપે છે. લાલ શાલ ઓઢાડીને મંડપમાં લાવે છે.

નોંધ : જનોઈની વિધિમાં બ્રાહ્મણ બાજ ઉપર પુસ્તક, પૈસા, ચપ્પુ, અસ્ત્રો વગેરે મૂકે છે. મુંજીયાને એક વસ્તુ ઉપાડવામાં કહેવામાં આવે છે.

પછી મુંજીયાને વાજતે ગાજતે ગામના પાદરે કે ચાર રસ્તા સુધી લઈ જઈ ચાચર પુંજીને મુંજીયાને દોડવાનું કહેવામાં આવે છે. મામા તેની પાછળ જઈને પકડે છે. પાછા ઊંચકીને શાલ ઓઢાડીને (છત્ર) બનાવીને લાવે છે. આ એક વિધિ છે. પહેલાના સમયમાં ગુરુકુળ ભણવા જતા, ભણીને નિપૂણ થયા બાદ મામા તેડવા જતા.

આમ મુંજીયો મંડપમાં આવીને બધા વડીલોને પગે લાગે છે. આશીર્વાદ લે છે. પછી પ્રીતીભોજન હોય છે.

લગ્નની જેમ જ માયદેવ માટલા ફુઈઓ પાસે ખસેડવામાં આવે છે. આમ જનોઈનો પ્રસંગ પણ સંપન્ન થાય છે.

# સીમંત વિધિ

આ વિધિને સોળ સંસ્કારોમાં '' ગર્ભધારણ સંસ્કાર '' પણ કહે છે.

શ્રીમંત વિધિમાં વહુને પાંચમો મહિનો (ગર્ભધારણ કરેલને પાંચમાં મહિના ચાલતો હોય ત્યારે) અથવા સાતમાં મહિનામાં વિધિ કરવામાં આવે છે.

બ્રાહ્મણ પાસે મુહૂર્ત જોવડાવીને સારો દિવસ - મુહુર્ત જોઇ તૈયારી કરવામાં આવે છે.

મુહૂર્તની તારીખ નકકી થાય તેના બે - ત્રણ દિવસ પહેલા વહુને સુપડે લેવા મોકલવામાં આવે છે. આ વિધિ અનાવિલ જ્ઞાતિમાં રવિવાર અને મંગળવારે જ કરે છે. જે દિવસે સીમંત હોય તે દિવસે સવારના પહેલા પહોરમાં (વહેલી સવારે) સમય અનુસાર સુપડા લઇને આવે છે.

દીકરીના પિતા દીકરીને લાગણી અનુસાર વસ્તુઓ (ગીફ્ટ) આપે છે. આમ હવે સુધારા થયા છે પરંતુ વર્ષોથી ચાલતી આવેલી પ્રથા પ્રમાણે દીકરીના પિતા દીકરીને ગીફ્ટ આપે છે.

- દીકરીને (ઘરેણા) સોનાની વસ્તુઓ (સગવડ પ્રમાણે)
- જમાઇ માટે પણ સોનાની વસ્તુઓ લે છે. (સગવડ પ્રમાણે)
- દીકરીને સાડી, પૂરી, વડા, લાડવા
- માથુ ધોવાનું વાસણ (પવાલી) લેતા હતા. • ઘરનું વાસણ
- સગાવ્હાલા માટે વાસણ આપવામાં આવે છે.
- ઉંબર પરનું કવર • બ્રાહ્મણનું કવર • કુવારીકાનું કવર
- બુહેરિયાનું કવર (દિયર માટે વિધિમાં અપાતું કવર)
- ચાદર ઉપર કવર • પહેલા પગલાનું કવર
- તાંબા કૂંડીનું કવર • સુખડું
- મોઢનું કવર (માથે જે મોઢ પહેરે તેનું કવર)

પાન, સોપારી, મીઠાઇ, કેળાનો કાતરો (મીઠાઇ ન હોય તો લાડવા પણ ચાલે )

**છોકરાવાળા પક્ષ તરફથી સીમંતવિધિમાં લાવવાની વસ્તુઓ :**

- ખરેલુ નાળિયેર • ઘાડવો (માટીનો)
- મોઢ • માથે ઓઢાડવાની સાડી / ઓઢણી
- સવા શેર ચોખા, સોપારી • સીમંતની રાખડી

ઘાડવો છોકરાવારા તૈયાર કરતા હોય છે. ઘાડવામાં સવાશેર, ચોખા, પૈસા - સોપારી મૂકી ભરી દેવા તેના ઉપર ખરેલું નાળિયેર સરસ કટકા

(ઓઢણી) થી બાંધી દેવું. વિધિમાં સાચવીને કરવાનું હોય છે એટલે વ્યવસ્થિત બાંધી સાચવીને રાખવું.

- સીમંતની રાખડી નણંદ લાવે છે અને બાંધે છે.
- બુંહેટિયાની રીત : (ટુવાલને વીંટીને રાખે છે) દિયર કરે છે.
- ખોળો ભરવા માટે અખોમટ સ્ત્રી જોઇએ છે.

**અખોમટ :** જે સ્ત્રીને કસુવાવડ કે છોકરું ગુજરી ન ગયેલું હોય તેવી સ્ત્રી.

- પાથરવા સાડી (બે-ત્રણ) જોઇએ પગલાં પાડવા માટે.

વહુ પિયરથી આવે ત્યારે પહેલું પગલુંએ કવર મૂકે છે. પછી સાડી પાથરે છે. તેના પર ફૂલથી ડેકોરેશન કરે છે. ડામણ ડગલા ભરે છે. જેમ ડગલા માંડે છે તેમ છૂટા પૈસા મૂકતા જાય છે પછી ઉંબર પૂજે છે.

હોલ કે ઘરમાં પ્રવેશ બાદ બ્રાહ્મણ ગણપતિ પૂજા કરાવે છે. નણંદ જમણા હાથે ભાભીને રાખડી બાંધે છે. ત્યારબાદ ખોળો ભરવાની રીત થાય છે. ખોળો ભરનાર બંને સામ સામે બાજઠ ઉપર બેસાડવા. ચાંદલો કરી, ઘાડવો જે તૈયાર કરેલો હોય તે ખોળામાં મૂકે, પૈસા, સોપારી, કવર, ઘાડવો મૂકવો. સાચવીને પાછો ખોળો ભરનારમાં ખોળામાં મૂકવો. ચાર વખત સામ સામે રીત કરવી.

ખોળામાંની દરેક વસ્તુ સાસુજીને આપવી પગે લાગવું. સાસુજી, વહુને સાડી કે ગીફ્ટ આપે છે.

**બુહેટિયાની રીત :** ખોળાની વિધિ પછી આ રીત દિયર કરે છે. બ્રાહ્મણ દિયરને ચાંલ્લો કરે છે. પછી ટુવાલને આમળો વાળીને પહેલા દિયર ભાભીને ચાર વખત વાસામાં મારે છે. પછી ભાભી દિયરને ચાર વખત વાસામાં મારે છે. દિયરને બુહેટિયાનું કવર આપવું.

**નોંધ :** પિયર દૂર હોય તો પિયરના સગાને ત્યાં ઘાડવો મૂકી આવવો.

ડિલીવરી થયા પછી છઠ્ઠીના દિવસે ઘાડવામાંથી ચોખા લઇ ખીચડી બનાવીને ખાવામાં આવે છે. ખવડાવવી, નાળિયેર પણ કોપરું કાઢી ખાઇ જવું.

અગિયાર દિવસે માથું ધોયા પછી નવડાવવાળા બેનને ઘઉં, પૈસા, ગોળ આપવો.

**નોંધ :** છઠ્ઠીના દિવસે સવારે ફુઇ કાચા દોરડા બાંધે છે સાથે ગોદડી, કપડા અને ચાંદીની વસ્તુઓ આપી શુકન કરે છે. છઠ્ઠીના દિવસે સાંજે ઘોડિયા પાસે પાટલો મૂકી કોરો કાગળ, કોરો કટકોને પાથરી, બોલપેન, કોરા રૂમાલ, કંકુ, ચોખા, સોપારી મૂકવામાં આવે છે.

આમ સીમંત વિધિની રીત પછી બાળકના રમાડવા સુધીની રીત દર્શાવી છે.

અગિયાર કે એકવીસ કે સવા મહિને બાળકને રમાડવાની વિધિ કરવામાં આવે છે. નામકરણ પણ કરે છે.

છોકરાવાળા પથ-પારણા લઇ આવે છે, ઝોળી, ૧૧ જોડી કપડા, લાલ નાળાછડી, લાગણી અનુસાર ઘરેણા (સોના કે ચાંદી). આમ રમાડવાની માટેની વિધિ સંપન્ન થઇ કહેવાય.

બાળકને જન્મ થયા પછી માતાને જે દવા સ્વરૂપે જે આપવામાં આવે તેની માહિતી આપું છું.

સવારે બ્રશ પછી નરણે કોઠે (ભુખ્યા પેટે) બોર ફાકવા માટે આપવામાં આવે છે જે કરિયાણાની દુકાને મળતો હોય છે તેના નાના ટુકડા કરવામાં આવે છે બોરે ફાકતી વખતે દાંતને ન લાગે તેની કાળજી કરવી. (હવે ખાલી કેપ્સુલની અંદર ભરીને બોરની ગોળી પણ ઘણા મોટા શહેરોમાં મળે છે) પણ ફાકવામાં આવે છે.

ત્યાર બાદ અડધો કલાક બાદ અસારિયો જે કરિયાણાની દુકાને મળતો હોય છે તે આપવામાં આવે છે.

પછી અડધો કલાક પછી શીરો આપવામાં આવે છે બદામ, કાજુ, અખરોટ સરખા પ્રમાણમાં લઇ વાટી લઇને ગરમ દૂધમાં નાંખી સાકર નાંખીને પણ લઇ શકાય છે.

હવે સવારથી ગળ્યુ ખાધું હોય તો ગરમ નાસ્તામાં મેથીની ભાજીનો ભૂકો કે કાંદાનો ભૂકો ખાઇ શકાય તેનાથી બાળકને પણ સારુ રહે.

સવારે કોપરું અને ઉપર ગોળ મૂકીને પણ ખાય શકાય છે.

આખા દિવસમાં સુવાનું ઉકાળેલું પાણી જ પીવા માટે ઉપયોગ કરે છે. રાગીનો લોટ, નાગલીનો લોટનો ઉપયોગ કરી શકાય. ભાખરી કે રોટલીમાં

અજમો નાખીને બનાવીએ તો વાયુ પ્રકૃત્તિ ન રહે.

શરીરને માલીશ પણ કરાવવું જરૂરી છે. મુખવાસમાં પણ સુવા, અળસી, તલ, અજમાં, વલીયારી, કોપરાની છીણ, લીંબું - મીઠું નાંખીને શેકીને બનાવવો, જુદુ શેકીને પણ બનાવી શકાય.

**બાળક માટેની કાળજી લેવા માટે :**

સવારે માના દૂધમાં કે ગાયના દૂધમાં કેસરિયો ગોળી બોળી રાખવી, આંગળીથી વાટીને આપી શકાય. ત્યાર બાદ બોર જે ઘણી જગ્યા (વૈદિક દવાવાળાને) ત્યાં મળે છે અથવા ઘણા ઘરે પણ બનાવે છે. આ બોર કલ્પનાબેન પણ બનાવે છે જેમને જોઈતો હોય તો કોન્ટેક નંબર આપેલ છે.

બોરના બે - ત્રણ લસરકા ઘસીને ચમચીમાં લઈને બાળકને પીવડાવે છે. બોર ઘસીએ ત્યારે જાયફળનો એક લસરકો અને મોટી હરડેનો એક લસરકો કરીને સાથે આપવામાં આવે છે. ઘણા કાજુ - બદામ - સુવર્ણ ઘસીને એક એક લસરકો બાળકને પીવડાવે છે.

જેમ જેમ બાળક મોટું થતું જાય તેમ તેમં લસરકા વધારતા જાય છે.

બાળકને ૨૧ દિવસ થયા પછી ઘીના ત્રણ ટીપાં ત્યારે મધનું એક ટીપુ બંને ચમચીમાં મીક્ષ કરી બાળકને ચટાડે છે. ઘણા બધાં ડૉકટરો બધી વસ્તુઓ બાળકને આપવા ના કહે છે એટલે પૂછીને આપવું.

બાળકને પણ માલીશ કરવું જરૂરી છે. ઓઢણીમાં બાંધીને સુવડાવે છે.

હું અને મારી મિત્ર કલ્પના આશા રાખીએ કે આ ચોપડી તમને ઉપયોગી થશે. કંઈક પણ ભુલચુક હોય તો માફ કરશો. વધુ માહિતી તમારી પાસે હોય તો જણાવશો અમને પણ ખબર પડે.

આભાર...

લિ.

**બીના કમલેશ દેસાઈ**
**ઓલગામ-ઊંટડી**

**કલ્પના રાજેશ દેસાઈ**
**ધમડાચી**

## શુભ પ્રસંગે અનાવિલોમાં અપાતો દરનો લાડવો

રીત : માપ :

૨૦ કિલો - છડેલા ઘઉંનો ગગરો લોટ
૧૫ કિલો - ચોખ્ખુ ઘી
૨૦ કિલો - ખાંડ
જોઇતા પ્રમાણમાં - એલચી પાવડર
જોઇતા પ્રમાણમાં - સાકર (પાસા)

**૧) ચણાનો લાડવો** **૨) માપ**

| | | |
|---|---|---|
| અઢી કિલો - ચણાનો ગગરો લોટ | | ૮ કિલો |
| અઢી કિલો - ઘી | | ૫ $\frac{૧}{૨}$ કિલો |
| અઢી કિલો - ખાંડ | | ૭ કિલો |
| જરૂર પ્રમાણે એલચી | | ૫૦ ગ્રામ |

**પાનસેરનો લાડવો કરવો હોય તો**

૧ કિલો - લોટ
૧ કિલો - ખાંડ
૧$\frac{૧}{૨}$ કિલો - ઘી

**તલીપુ ખાવું :** ગોળપાપડીની જેમ બનાવી લાડવા બનાવવા.

૨$\frac{૧}{૨}$ કિલો - ઘઉંનો લોટ ૭૫૦ ગ્રામ - તલ
૨$\frac{૧}{૨}$ કિલો - ગોળ ૧ કિલો - ઘી

**રવા – મેંદાની પુરીનું માપ :**

| માપ – ૧ | માપ – ૨ |
|---|---|
| ચાર વાડકી રવો | ૫ કિલો - રવો |
| અડધી વાડકી મેંદો | ૨$\frac{૧}{૨}$ કિલો - મેંદો |
| એક ચમચી ઘઉંનો લોટ | ૨$\frac{૧}{૨}$ કિલો - મોણ |
| | ૩ કિલો - ઘી તળવા માટે |

મુઠી પડતું ઘીનું મોણ, ગરમ પાણીથી લોટ બાંધવો, ધીમા તાપે તળવું.

# : અનંતની યાત્રા :

જન્મ અને મૃત્યુ તો નિશ્ચિત જગમાં
કેટલું નહિ પણ કેવું જીવ્યા તે યાદ રહે.

પરમાત્માથી વિખૂટો પડી ઇહલોકમાં આવેલો જીવ
પરમાત્માને જઇ મળે; એટલે વિષાદ કે વેદના ન હોય.
માત્ર તેના આત્માની શાંતિ સદ્‌ગતિની પ્રાર્થના.

મૃત્યુ થાય એટલે સમય નક્કી કરી સગાં સંબંધીને જાણ કરી દેવી.

મનુષ્યનો દેહ વિલય થાય પછી જમીન ઉપર પાણીથી (ગંગાજળ હોય તો તે નાખી) પોતું મારવું. પછી ત્યાં હીંચકો અથવા પાટલા ગોઠવી દેવા. તેના ઉપર ગરમ ધાબડો મૂકવો.

મૃતદેહને નવડાવવું (પાણીમાં શક્ય હોય તો ગંગાજળ) અથવા સ્પંચ પણ ચાલે. કોરા કપડાં પહેરાવવા, હીંચકા ઉપર ઉત્તર દિશા તરફ માથું રાખી સુવડાવવા. પુરૂષ હોય તો શાલ ઓઢાડવી. પીતાંબર પણ ચાલે. સ્ત્રી હોય તો સાડી ઓઢાડવી. સૌભાગ્યવતી સ્ત્રી હોય તો સૌભાગ્યનો શણગાર કરવો. પિયરની સાડી પણ ઓઢાડે છે. વિધિવા સ્ત્રી હોય તો સફેદ કપડાં પહેરાવવા. સૌને સ્મશાને લઇ જવાનો સમય પણ આપી દેવો. માથા આગળ દીપ પ્રાગટ્ય કરવું. ધૂપસળી પણ સળગાવવી.

કફન - ટોપડી - માટીનો ઘડો - કોડીયું - ભાત - સુખડનાં હાર - ફૂલનાં હાર - પંચધાતુ - પાન વગેરે મંગાવી લેવું.

અગ્નિસંસ્કાર કરનાર ભાઇએ સ્નાન કરી પીતાંબર કે અબોટિયું પહેરી લેવું. જનોઇ પહેરવી. ઠાઠડી ઉંચકનાર બીજા સગાએ નાહી અબોટિયું પહેરી લેવું. ટોપડી ઊંચકનાર છોકરાએ નાહી લેવું. પૌત્ર કે દોહિત્ર ટોપડી ઉંચકે છે:

મૃતદેહને ઠાઠડી ઉપર સુવડાવી કફન ઓઢાડી દેવું. ફૂલ - હાર તથા છેવટે ફૂલની ચાદર ઓઢાડવી. ચોખાના લોટમાં દૂધ - જવ - તલ - નાંખી છ પીંડ બનાવવા પહેલો પીંડ મૃતદેહનાં હાથમાં મૂકવો. બીજો પીંડ ઠાઠડીની નીચે મૂકવો. ત્રીજો પીંડ ઘરનાં ઉંબર ઉપર મૂકવો. સ્મશાને જાય ત્યારે આ બે પીંડ સાથે લઇ લેવા. ચોથો પીંડ વિસામા આગળ મૂકવો. તે ત્યાં જ રહેવા દેવો. પાંચમો પીંડ ચિતામાં મૂકવો. છઠ્ઠો છેલ્લો પીંડ બાજુ ઉપર રાખવો.

ઘરની પુત્રવધૂ અગ્નિ બહાર લાવે અને ટોપડીમાં મૂકી દે. ઘરમાં ઠાઠરી બહાર કાઢે ત્યારે માથું આગળ રાખવું. ઘરનાં સગાં ઠાઠડી ઊંચકે. પછી

ગમે તે ઊંચકે. ટોયડી લઈ પૌત્ર કે દોહિત્ર આગળ ચાલે. વિસામાથી પગ આગળ લેવા, વર્ષો પહેલાં ઠાઠડી ઊંચકી સ્મશાન સુધી જતા હતા. હવે સાધન દ્વારા લઈ જાય. કફન સાથે સવા રૂપિયો બાંધે તે સ્મશાનમાંથી પાછો લઈ આવવો. શ્રાદ્ધ ક્રિયામાં ઉપયોગમાં લે. નનામી બાંધે ત્યારે કુહાડી - દાતરડું છરી બાંધે.

સ્મશાનમાં દક્ષિણ તરફ માથું મૂકવામાં આવે. ઘી ચોપડવામાં આવે. પછી ઘરથી લાવેલ અગ્નિ છાણાં પર લઈ ત્રણ આંટા.ફરી માથા આગળ મૂકી દે. બળી રહે પછી ચોખાનો સ્વસ્તિક બનાવવો. મધ્યમાં દોરયામાં પાણી - દૂધ ભરી મૂકવો. છઠ્ઠો પીંડ પણ મૂકી દેવો, દાંતરડું કે કુહાડી વડે અવળે મુખે છેદ કરી ઘરે પ્રયાણ કરવું.

સામગ્રી : ઘી - દૂધ - તુલસીનો સૂકો છોડ - સુખડનાં છોડા - ભાત.

નોંધ : બાળકનું મૃત્યુ થાય તો અગ્નિદાહ ન આપતાં જમીનમાં દાટવામાં આવે છે.

## : સૂતક :

પાંચ અથવા સાતમેં દિવસે સૂતક કાઢવું. બધાએ માથું ધોવું. અગ્નિ સંસ્કાર કર્યો હોય તેણે વાળ કાઢી નાખવા. ચાદર - ચારસા - પડદા ધોવો. આખા ઘરમાં પોતા મારવા.

## : બેસણું :

રવિ - મંગળ - પંચક સિવાયનાં દિવસે બેસણું રાખવું. પિયરપક્ષમાં પણ આ વિધિ હોય. હાલનાં સમયમાં બન્ને પક્ષનું બેસણું સાથે જ રાખી લેવામાં આવે. બહુમાળીમાં રહેતા હોવાથી કોઈ વાડીમાં બેસણું રાખે.

## : દશાહ :

શ્રદ્ધાથી કરો એ જ શ્રાદ્ધ. શ્રાદ્ધ ક્રિયા કરનારે પોતાના પૈસાથી કરવી. મા - બાપના પૈસા શ્રાદ્ધ પછી લઈ શકાય. સૌથી પહેલા દશાહનું શ્રાદ્ધ કરવામાં આવે. દરરોજનો એક પિંડ મૂકવો જોઈએ કિંતુ કલયુગમાં શક્ય ન હોવાથી દશાહને દિવસે દશ પિંડ મૂકાય. વિષ્ણુ પૂજન તથા તર્પણ વિધિ થાય. ૧) પહેલો પિંડ માથાનો, ૨) બીજો પિંડ આંખ-કાન-નાક-મોઢું, ૩) ત્રીજો પિંડ ગળા-હૃદય-ખભા, ૪) ચોથો પિંડ નાભી-લિંગ-ગુદા અને કેડનો, ૫) પાંચમો પિંડ ઉર-જાંઘ-પગ, ૬) છઠ્ઠો પિંડ દાંત-નખનો, ૭) સાતમો પિંડ લોહી-માંસ-હાડકાં-નસનો, ૮) આઠમો પિંડ આંગળી-પગની પાટલી - વીર્યનો, ૯) નવમો પિંડ આખા અંગનો, ૧૦) દશમો પિંડ ભૂખ-તરસનો.

આ વિધિ ઘર આંગણપ કરાય. તલ - જવની અંજલી આપવી.

# : અગિયારમું :

આ સૌથી લાંબી વિધિ છે. મોટા તીર્થ અથવા નદી કિનારે જ્યાં મહાદેવનું મંદિર હોય ત્યાં વિધિ કરવી.

સૌ પ્રથમ દેવો અને નદીનું તર્પણ કરવું. વિષ્ણુ ભગવાનની પૂજા. વિષ્ણુ ભગવાનની આઠ રાણીઓ. (૧) રૂક્ષ્મણી (૨) સત્યભામા (૩) જાંબુવતી (૪) સત્યા (૫) કાલિન્દી (૬) મિત્રવૃધ (૭) લક્ષ્મણા (૮) ચારૂહાસીની સ્થાપના કરવી. પછી મૂર્તિઓનું સ્થાપન અને વિષ્ણુનું શ્રાદ્ધ કરવું દુર્મરણ પ્રાયશ્ચિત કરવું. ગાય અને બ્રાહ્મણની પ્રાર્થના કરવી.

બ્રાહ્મણ હેમાદ્રીનું વચન કરે તે સાંભળવું અને દશવિધિ સ્નાન કરવું (૧) ભસ્મ (૨) ગાયનાં છાણનું (૩) ગાયનું છાણ - મૂત્ર - ગાયનું દૂધ (૪) ગોરજ માટેનું (૫) સપ્તધાન્યનું (૬) સોપારીનું (૭) ઔષધીનું (૮) સોનાનું કે પૈસાનું (૯) ગંગાજીનું (૧૦) ચોખ્ખા પાણીથી સ્નાન કરવું.

સ્નાન પછી સત્યેશ પૂજન કરવું. પછી ઉત્તરાગ વિષ્ણુ શ્રાદ્ધ. પછી મુખાવલોકન કરવું. પંચદેવનું સ્થાપન કરવું. (૧) બ્રહ્મા (૨) વિષ્ણુ (૩) રૂદ્ર (૪) યમ (૫) તત્પુરુષ. નૈવેદ્ય તરીકે અનાજનું નૈવેદ્ય હોય છે. બ્રહ્મા = ઘઉં, વિષ્ણુ = ચોખા, રૂદ્ર = મગ, યમ = અળદની દાળ, તત્પુરુષ = સફેદ તલ. આ પ્રમાણે નૈવેદ્ય આવે. બીજી વખત સ્નાન કરવા જવું.

સ્નાન પછી એકાદશ વિષ્ણુ શ્રાદ્ધ કરવું અને પિંડ મૂકી પૂજા કરી જલધારા કરવી. ૧૧ પિંડ ઉપર એનું દાનનું પાણી મૂકવું. પંચદેવના સૂક્ત વાંચવા, તર્પણ કરવું. પાંચ પિંડ મૂકી પંચ શ્રાદ્ધ અને તર્પણ કરવું. દાનનો સંકલ્પ કરવો.

વૃષોત્સર્ગ એટલે વાછરડો અને વાછરડીનું પૂજન કરવામાં આવે છે આને નીલ પરણાવી વિધિ પણ કહેવાય. પ્રેત માતૃકાનું પુજન કરવું. પછી તેનો હોમ કરવો ગાય અને પોઠીયાનું પૂજન કરવું. મંગલફેરાની વિધિ કરી તર્પણ કરી બંનેને છોડી દેવા એનું દાન આપવું પડે વસ્ત્ર કે સોનાનું.

આદ્યશ્રાદ્ધ કરવું. મરનાર માણસનો ઘટ બનાવી તેની પૂજા કરવી. એક પિંડ મૂકવો અને પૂજા કરવી. દાનનો અંકલ્પ કરવો.

ત્યારબાદ ષોડશ માસિક શ્રાદ્ધની વિધિ કરવી. તેમાં એક ઘટ બનાવી ષોડશ માસિક શ્રાદ્ધનું પૂજન કરવું. ૧૬ પિંડ મૂકી તેનું પૂજન કરવું. અંજલી આપવી. ૧૬ દાનનો સંકલ્પો કરવો. છેવટે અગિયારમાંના પિંડ, ફૂલ બધું નદીમાં પધરાવી સ્નાન કરી ઘરે આવવું. ગાય, કૂતરા અને કાગડાનો વાસ મૂકવો.

નોંધ : આત્મહત્યા કે આકસ્મિક મૃત્યુ પામનાર માટે નારાયણ બલિ શ્રાદ્ધ કરવામાં આવે છે.

પોતાના ગોરમહારાજ કહે તે પ્રમાણે વસ્તુઓ લાવવી.

## : બારમું :

બારમાની વિધિ ઘરે જ થાય છે. મુખ્ય પૂજન વિષ્ણુ પૂજન - તર્પણ થાય છે. પિતૃમાં ત્રણ પેઢીના પિતૃઓનું પૂજન થાય છે.

પહેલો ઘટ (દર્ભનો બનાવે) જે મરનાર વ્યકિતનો હોય તેનું પૂજન કરવું. બીજો ઘટ મરનારના પિતાનો, ત્રીજો ઘટ પિતામહનો (દાદા), ચોથો ઘટ પરપિતામહનો (દાદાના પિતાનો) મૂકવો. પૂજન થઇ જાય એટલે પૂરી - દૂધપાક અને વડાનું દડીયામાં ભોજન કરાવવું.

પછીથી પિંડ બનાવવા એક પિંડ નૈઋત્ય ખૂણામાં અગ્નિનામના દેવનો મૂકવો. મરનાર માણસનો પિંડ નાળિયેર આકારનો કરવો.દાદા પરદાદાનો પિંડ મૂકવો. બધાનું પૂજન થાય પછી પિંડ કાપવાની વિધિ થાય.

નાળિયેર જેવો પિંડ હોય તે તાર વડે કાપવો. સોના અથવા ચાંદીનો તાર હોય, પિંડ કપાયા બાદ વડવા સાથે સંયોજન કરવું. મધ અને ઘી નાખી સંયોજન કરવું. બધા પિંડનું પૂજન કરવું. સગાં - સંબંધીઓએ પિંડ પર ફૂલ ચડાવવા. દત્તબાવની અને શાંતિપ્રાર્થના કરવી.

પિંડ અને ઘટનું વિસર્જન કરવું. નદીમાં પધરાવી દેવું. સ્નાન કરી ગાય, કાગડા અને કૂતરાને વાસ મૂકવો.

નોંધ : આ વિધિ બાદ મૃત વ્યકિતની ગણના પિતૃઓ સાથે થાય છે.

# : તેરમાની વિધિ :

કરવડા એટલે માટીનું વાસણ જેમાં દૂધ અને પાણી ભરવું. વિધિને દિવસે મળસ્કે ગામને પાદરે (ચકલાંપર) મૂકી સ્નાન કરી લેવું.

સૌથી પહેલા પિતૃઓનું તર્પણ કરવું. વિષ્ણુનું પૂજન કરવું. લલિતા દેવીનું (તેર દેવી) પૂજન કરવું. કરવડા પર પૂજન કરવું. કરવડાને તુલસી ક્યારે મુકી હાથ - પગધોઇ શ્રવણી શ્રાદ્ધ માટે સંકલ્પ - પૂજન આસન વિગેરે ઉપચારો કરવામાં આવે છે. દાનનો સંકલ્પ કરી દાન આપવામાં આવે છે.

(૧) તીલપાત્ર : તાંબાની તરભાણી, તલ

(૨) પદદાન : થાળી, વાટકી, લોટો, ચમચી, પવાલું

(૩) સુવર્ણ દાન : યથાશકિત

(૪) વસ્ત્રદાન : કપડાનું દાન

(૫) શય્યાદાન : ખાટલો, ગોદલું, ઓશીકું, ચાદર, ચારસો

(૬) ઉપદાન : ચંપલ

(૭) છત્રીદાન

(૮) પથિકદાન : જૂના કપડાં, ચંપલ, છત્રી, ડબ્બો.

દાન પછી યજમાને કપડાં બદલી ગણેશ પૂજન કરવું. બધા ભેગા મળી ભોજન કરવું. શ્રાદ્ધ ક્રિયા કરનારે પંચીયું પહેરવું. સીવેલું વસ્ત્ર પહેરવું નહિ.

નોંધ : કુટુંબમાં શુભ કાર્ય થઇ શકે એટલે સારો દિવસ - વાર જોઇ વરસીની વિધિ કરી દેવી.

ખાસ નોંધ : મરનાર માણસની પાછળ ગીતા અથવા ગરૂડ પુરાણ વંચાવવું જોઇએ.

નોંધ : માર્ગદર્શન માટે યાદી છે. પોતાના ગોર મહારાજ યાદી આપેજ છે.

# : અગીયારમું સામાનની યાદી :

નાળિયેર - ૬
સોપારી - ૩૫૦ ગ્રામ
અબીલ - ૧૦ રૂા.
તુલસી ૫૦ રૂા.
ડીચાવાળા પાન - ૨૦
અષ્ટગંધ - ૧૦ રૂા.
કપુરગોટી - ૧ ડબ્બી
અગરબત્તી - ૧
સુતરનો દડો - ૧
જવ - ૨૦૦ ગ્રામ
તલ કાળા - ૫૦૦ ગ્રામ
તલ સફેદ - ૫૦૦ ગ્રામ
વાળો - ૫ રૂા.
ચણાની દાળ - ૫૦૦ ગ્રામ
અડદની દાળ - ૫૦૦ ગ્રામ
મગની દાળ - ૫૦૦ ગ્રામ
તુવરની દાળ - ૨૫૦ ગ્રામ
ઘી - ૧ કિલો
દૂધ - ૫૦૦
છાણા - ૧૨ નંગ
એલચી - ૧૦ રૂા.
લવીંગ - ૧૦ રૂા.
બદામ- પિસ્તા, આલુ- અંજીર, અખરોટ } ૨૫૦ ગ્રામ
અબીલ - ૧૦ રૂા.
કંકુ - ૧૦ રૂા.

દરાખ - ૧૦૦ ગ્રામ
રૂ - ૧ રૂા.
દીવાસળી - ૧
પીંડના ચોખા ૫૦૦ ગ્રામ
સાકર ૧૦૦ ગ્રામ
ગુગળ - ૫૦ ગ્રામ
સુખડના છોડા - ૫૦ ગ્રામ
ઘઉં - ૧ કિલો
પૌંવા - ૩૦૦ ગ્રામ
સફેદ કાપડ - ૧ મીટર
બાજ - ૮ નંગ
કોડીયા - ૩ નંગ
હાર - ૧૦ નંગ
છૂટા ફૂલ - ૧૦ રૂા.
ગુલાલ - ૧૦ રૂા.
મોસંબી - ૩ નંગ
સંતરા - ૩ નંગ
સફરજન - ૩ નંગ
દાડમ - ૩ નંગ
જમરૂખ - ૩ નંગ
કેળા - ૧ ડઝન
બરફી-પેંડા - ૨૫૦ ગ્રામ
મગ - ૫૦૦ ગ્રામ
ચોખા - ૨ કિલો
કોપરાની વાટી - ૨ નંગ
લાલ કોસંબો - ૧ મીટર
દડીયા - ૧૫ નંગ

| વસ્તુ | દશાહ | બારમું | તેરમું |
|---|---|---|---|
| તલ | ૫૦ ગ્રામ | ૧૦૦ ગ્રામ | ૧૦૦ ગ્રામ |
| જવ | ૫૦ ગ્રામ | ૧૦૦ ગ્રામ | ૧૦૦ ગ્રામ |
| કંકુ | ૧ રૂા. | ૧ રૂા. | ૧ રૂા. |
| અષ્ટગંધ | ૧ રૂા. | ૧ રૂા. | ૧ રૂા. |
| કાળી દરાખ | ૧૦૦ ગ્રામ | એલચી ૧૦ ગ્રામ | |
| નાળિયેર | ૧ | ૨ | ૨ |
| સોપારી | ૫ | ૧૭ | ૧૭ |
| સુતરનો દડો | ૧ | ૧ | ૧ |
| પીંડના ચોખા | ૨૫૦ ગ્રામ | ૨૫૦ ગ્રામ | ૧ કિલો |
| ઘી | ૫૦ ગ્રામ | લવેંગ ૧૦ ગ્રામ | કપુર ગોટી - ૨ |
| પંચામૃત | પંચામૃત | પંચામૃત | પંચામૃત |
| હાર નંગ | ૨ | સાકર ૨૫૦ ગ્રામ | અબીલ ૧ રૂા. |
| તુલસી | --- | ખાંડ ૨૫૦ ગ્રામ | ગુલાલ - ૧ રૂા. |
| પાન | ૩ નંગ | કેળા - ૬ નંગ | સાકર ૨૫૦ ગ્રામ |
| ઉનનો દોરો | ૧ મીટર | ફળ - ૫ નંગ | એલસી ૧૦ ગ્રામ |
| નેપકીન | ૨ | પાન - ૧૫ નંગ | લવંગ ૧૦ ગ્રામ |
| બે પંચીપા માટે | મલમલ-૯વાર | હાર - ૫ નંગ | ખાંડ ૨૫૦ ગ્રામ |
| છાણું | ૨ નંગ | તુલસી | અગરબત્તી ૧ |
| છુટાં ફૂલ | ૧૦ રૂા. | મધ+ઘી ૨૦ ગ્રામ | ઘઉં ૧ કિલો |
| દીવાસળી | ૧ | આદુની કટકી ૭ | ચોખા ૬૦૦ ગ્રામ |
| | | પીંડ કાપવા માટે | ચોળી ૬૦૦ ગ્રામ |
| | | ચાંદીનો તાર વા. ૧ | તુવર ૬૦૦ ગ્રામ |
| | | | વાલ ૬૦૦ ગ્રામ |
| | | | ઘઉં ૬૦૦ ગ્રામ |
| | | | ચોખા ૬૦૦ ગ્રામ |
| | | | દાળ ૬૦૦ ગ્રામ |
| | | | મગ ૬૦૦ ગ્રામ |
| | | | તલ ૬૦૦ ગ્રામ |

દરરોજ = દડીયા ૧૦ નંગ, પૂરી ૧૦ નંગ, વડા ૧૦ નંગ, દૂધપાક ૫૦૦ ગ્રામ

# શાંતિ પ્રાર્થના

હે નાથ, જોડી હાથ પાયે પ્રેમથી સૌ માંગીએ,
શરણું મળે સાચું તમારૂં એ હૃદયથી માંગીએ,
જે જીવ આવ્યો આપ પાસે ચરણમાં અપનાવજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો... ૨

વળી કર્મનાં યોગે કરી, જે કુળમાં એ અવતરે,
ત્યાં પૂર્ણ પ્રેમે ઓ પ્રભુજી આપની ભકિત કરે,
લક્ષ ચોર્યાસી બંધનોને, લક્ષમાં લઈ કાપજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો... ૨

સુસંપત્તિ, સુવિચાર ને સત્કર્મનો દઈ વારસો,
જન્મોજન્મ સત્સંગથી કીરતાર પાર ઉતારજો,
આ લોકને પરલોકમાં તમ પ્રેમ રગ રગ વ્યાપજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો,...૨

મળે મોક્ષ કે સુખ સ્વર્ગના આશા ઉરે એવી નથી,
દીધો દેહ દુર્લભ માનવીનો ભજન કરવા ભાવથી,
સાચું બતાવી રૂપ શ્રી રણછોડ હૃદયે સ્થાપજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો...૨

માનવ તન આ છોડીને તે આપ દ્વારે આવ્યો,
કર્મના ઢગ હો ભલે પ્રભુ પુણ્યથી ઉગારજો,
અપરાધ માફ કરી સહુ અમ વિનંતી સ્વીકારજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો...૨